| GJVD020426042018 | | દાખલ તારીખ | ૧૯/૦૯/૨૦૧૮ |
|---|---|---|---|
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૧૯/૦૯/૨૦૧૮ |
| | सत्य मेव जयते | ફેંસલ તારીખ | ૨૬/૦૩/૨૦૨૫ |
| | | સમયગાળો | વર્ષ, માસ દિવસ |
| | | | |

**<u>વડોદરાના ૯માં એડીશનલ સિનિયર સિવિલ જજની અદાલત સમક્ષ, મુ.વડોદરા.</u>**

**સ્પે.દિ.મુ.નંબર – ૨૬૭/૨૦૧૮**

**આંક–**

| | |
|---|---|
| વાદીઓઃ– | **(૧) લખીબેન ઉર્ફે લક્ષ્મીબેન તે કાળાભાઈ મોહનભાઈ પરમારની દીકરી તે છોટાભાઈ મોહનભાઈ ચાવડાની ઔરત.**<br>**(૨)સુધાબેન તે કાળાભાઈ મોહનભાઈ પરમારની દીકરી તે સુરેશભાઈ બાબરભાઈ પરમારની ઔરત.**<br>**રહે. દેવપુરા રોડ, વડ પાસે મુ. રાયપુર જી. વડોદરા.**<br>**વાદી નં.૧,૨ ના કુ.મુ.શેખ સત્તારભાઈ રહીમભાઈ**<br>રહે. ભાલીયા વગો, મુ. જરોદ, તા. વાઘોડીયા, જી. વડોદરા. |

**<u>વિરુદ્ધ</u>**

| | |
|---|---|
| પ્રતિવાદી :- | **(૧) નંદાબેન તે કાળાભાઈ મોહનભાઈ પરમારની વિધવા**<br>રહે. પ્રેમચંદ ફળીયુ, છાણી, વડોદરા.<br>**(૨) હરમાનભાઈ પુંજાભાઈ પટેલ**<br>રહે. પટેલનગર સોસાયટી, છાણી, વડોદરા |

દાવો:– **<u>હિન્દુ સકસેશન એકટ કલમ–૬ તથા ૮ તથા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૧)(૨) તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૬ મુજબ રૂા. ૧૬,૫૪,૧૦૬/– ના આંકથી હકક સ્થાપન, જાહેરાત, કબજો મેળવવા તથા પ્રતિ. નં. ૨ નો તા.૩૦/૦૬/૨૦૦૭ નો રજી.</u>**

**<u>દસ્તાવેજ નં.૫૭૨૬/૨૦૦૭ નો રૂા.૧૬,૫૦,૧૦૬/- નો દસ્તાવેજ રદૃ કરાવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા બાબતે....</u>**

**<u>રજુઆતઃ-</u>** વાદીઓ તરફે વિદ્ધાન વકીલશ્રી-**એસ.એમ.પુરાણી**
પ્રતિવાદી તરફે વિદ્ધાન વકીલશ્રી-**આર. કે. પંચાલ**

## : - <u>ચુકાદો</u> -:

(૧) અમો વાદી સદરહું પ્રતિવાદી વિરૂદ્ધ હાલનો દાવો કરીએ છીએ તેની તપસીલ નીચે મુજબ છે. દાવાના પેરા ૩ માં જણાવેલી છાણી, વડોદરાની સીમની દાવાવાળી તકરારી ખેતીની જમીનો બ્લોક/સર્વે નં. ૧૪૨ તથા ૧૪૪/૧ તથા અન્ય બ્લોક નં. ૧૫૦, ૧૫૭, ૧૬૫/૧ વાળી ખેતીની જમીનો અમો વાદીઓ લખીબેન તથા સુધાબેનના પિતા મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમારના દાદા મૈ. મોતીભાઈ જગાભાઈ પરમારને સને ૧૯૬૦ પહેલાંથી રેવન્યુ રેકર્ડની એન્ટી નં. ૨૨૭ ની વિગતોએ નોકરીયાત અર્થે મળેલી તે બાદ એન્ટી નં. ૧૦૩૧ ની વિગતોએ તા. ૧૩/૧/૧૯૬૦ ના રોજ સદર દાવાવાળી તકરારી જમીનો સહિતની તમામ જમીનો મૈ. મોતીભાઈ જગાભાઈ પરમારના પૌત્ર મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમાર (વાદીઓના પિતા) ના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ અને એન્ટી નં. ૧૬૩૮ ની તા. ૨/૪/૧૯૬૩ ની વિગતોએ આ તમામ જમીનો અમારા પિતા મૈ. કાળાભાઈ મોહનભાઈના નામે નવી અને અવિભાજય શરતે દાખલ થયેલી અને ત્યારથી સતત સને ૨૦૦૭ સુધી રેવન્યુ રેકર્ડની વિગતોએ દાવાવાળી તકરારી જમીનો સહિતની તમામ જમીનો અમો વાદીઓના પિતાના નામે ચાલતી આવેલી છે. ઉપરોકત વિગતોએ તથા રેવન્યુ રેકર્ડની વિગતોએ દાવાવાળી તકરારી જમીનો હિન્દુ સકસેશન એકટની કલમ ૬ તથા ૮ ની વિગતોએ પ્રથમ માલીક મૈ. મોતીભાઈ જગાભાઈના મરણ બાદ તેમના કુટુંબની વણવહેચાયેલી, બિનવસીયતી, તડીલોપાર્જીત જમીનો રહેલી છે. અમો વાદીઓએ દાવાવાળી તકરારી જમીનો બાબતે કાયદેસરની તમામ કાર્યવાહીઓ કરવા તા. ૨૧/૮/૨૦૧૮ ના રોજ નોટરાઈઝ રજી. નં. ૬૨૨ થી શેખ સત્તારભાઈ રહીમભાઈને કે જેઓ અમો વાદી નં. ૨ સુધાબેનના પતિ સુરેશભાઈના મીત્ર થતા હોય તેઓને આપેલ પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિ. નં. ૧ અમારા માતૃશ્રી અમોને સાથ સહકાર આપતા ન હોય જેથી તેઓને પ્રતિ. તરીકે જોડી જરુરી પક્ષકારો વિરુધ્ધ હાલનો દાવો કરેલ છે. અને હવે પછી દાવામાં વાદીઓ તરીકે તે હૈસીયતથી અમોને સમજવવાના છે.

**દાવાવાળી તકરારી મિલ્કતો/ જમીનોનું વર્ણન :–**

રેવન્યુ રેકર્ડ તથા પ્રતિ. નં. ૨ એ કરેલ દસ્તાવેજની વિગતોએ દાવાવાળી તકરારી મિલ્કતો મોજે છાણી, વડોદરાની સીમમાં આવેલ ખેતીની જમીનોનું વર્ણન નીચે મુજબ રહેલ છે.

| ખાતા નં. | સર્વે/બ્લોક નં | એક–ગુઠા | હે.આરે.ચો.મી | આકાર રૂા.પૈસા | સત્તા પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૩૦–૩૫૨ | ૧૪૨ | ૧–૦૮ | ૦–૪૮–૫૬ | ૫–૧૨ | સરકારી |
| ૩૦–૩૫૨ | ૧૪૪/૧ | ૦–૨૨ | ૦–૨૨–૨૬ | ૨–૩૧ | જુની શરત |

દાવાના પેરા ૩ માં જણાવેલી છાણી, વડોદરાની સીમની દાવાવાળી તકરારી ખેતીની જમીનો બ્લોક/ સર્વે નં. ૧૪૨ તથા ૧૪૪/૧ તથા અન્ય બ્લોક નં. ૧૫૦, ૧૫૭, ૧૬૫/૧ વાળી ખેતીની જમીનો અમો વાદીઓ લખીબેન તથા સુધાબેનના પિતા મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમારના દાદા મૈ. મોતીભાઈ જગાભાઈ પરમારને સને ૧૯૬૦ પહેલાંથી રેવન્યુ રેકર્ડની એન્ટી નં. ૨૨૭ ની વિગતોએ નોકરીયાત અર્થે મળેલી તે બાદ એન્ટી નં. ૧૦૩૧ ની વિગતોએ તા. ૧૩/૧/૧૯૬૦ ના રોજ સદર દાવાવાળી તકરારી જમીનો સહિતની તમામ જમીનો મૈ. મોતીભાઈ જગાભાઈ પરમારના પૌત્ર મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમાર (વાદીઓના પિતા) ના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ અને એન્ટી નં. ૧૬૩૮ ની તા. ૨/૪/૧૯૬૩ ની વિગતોએ આ તમામ જમીનો અમારા પિતા મૈ. કાળાભાઈ મોહનભાઈના નામે નવી અને અવિભાજય શરતે દાખલ થયેલી અને ત્યારથી સતત સને ૨૦૦૭ સુધી રેવન્યુ રેકર્ડની વિગતોએ દાવાવાળી તકરારી જમીનો સહિતની તમામ જમીનો અમો વાદીઓના પિતાના નામે ચાલતી આવેલી છે.

ઉપરોકત વિગતોએ તથા રેવન્યુ રેકર્ડની વિગતોએ દાવાવાળી તકરારી જમીનો હિન્દુ સકસેશન એકટની કલમ ૬ તથા ૮ ની વિગતોએ પ્રથમ માલીક મૈ. મોતીભાઈ જગાભાઈના મરણ બાદ તેમના કુટુંબની વણવહેચાયેલી, બિનવસીયતી, તડીલોપાર્જીત જમીનો રહેલી છે. અને મૈ. મોતીભાઈ જગાભાઈના પુત્ર મૈ. મોહનભાઈ મોતીભાઈના પુત્ર મૈ. કાળાભાઈ મોહનભાઈ (અમો વાદીઓના પિતા) નાઓને દાવાવાળી તકરારી પેરા ૩ વાળી જમીનો કે જેમાં અમો વાદીઓનો તથા પ્રતિ. નં. ૧ નો સંયુકત લાગભાગ હકક હિસ્સો રહેલો છે. તેવો લાગભાગ હકક હિસ્સો અમો વાદીઓએ મૌખીક કે લેખીત કોઈપણ રીતે, કયારેય પણ, કોઈના પણ લાભમાં જતો કરેલો નથી. કે છોડી દીધેલ નથી. તેમ છતાં પ્રતિ. નં. ૨ એ ખોટી રીતે ટાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૬ ની જોગવાઈઓ વિરુધ્ધ જઈ, અમો વાદીઓ લગ્ન પહેલા છાણી રહેતા હોય, પ્રતિ. ઓ પણ છાણી ખાતે રહેતા હોય, પ્રતિ. નં. ૨ ને, અમો વાદીઓ તથા પ્રતિ. નં. ૧ મૈ. કાળાભાઈ મોહનભાઈની દીકરીઓ તથા પત્નિ છે. તેવી સંપુર્ણ જાતમાહિતી હોવા છતાં, રેવન્યુ રેકર્ડમાં છેલ્લા વડીલ તરીકે અમારા પિતાનું નામ ચાલતું હોય, તેટલા માત્રથી દાવાવાળી તકરારી જમીનો એકલા અમારા

પિંતાની માલીકીની ન હોવા છતા , તેનો ખોટી રીતે લાભ લઈ અમો વાદીઓ તથા પ્રતિ. નં. ૧ ની જાણ બહાર, અમારી કોઈપણ પ્રકારની સહીઓ કે સંમતી લીધા વગર એન્ટી નં. ૬૭૪૬ થી રે.સ.નં. ૧૪૨ વાળી જમીન તથા એન્ટી નં. ૬૮૦૯ ની વિગતે રે.સ.નં. ૧૪૪/૧ વાળી જમીન બાબતે તા. ૨૬/૬/૨૦૦૭ ના રોજ ખોટી રજુઆતોના આધારે, કાયદાથી વિરુધ્ધ જઈ, અમારા પિતાને ખરું ખોટું સમજાવી, શરતફેર કરાવી, તુરત જ તા. ૩૦/૬/૨૦૦૭ ના રોજ માત્ર નોમીનલ રકમ રૂા. ૮,૨૫,૦૫૩/–અમારા પિતાને ચુકવેલી છે. તેવું બતાવી અને બાકીની રકમ રુા. ૮,૨૫,૦૫૩/– શરતફેરમાં ભરેલ હોવાનું જણાવી ખોટી રીતે રજી. દસ્તાવેજ નં. ૫૭૨૬ થી દસ્તાવેજ કરી લીધેલ છે.

સદર દાવાવાળી તકરારી વણવહેચાયેલી, બિનવસીયતી, વડીલોપાર્જીત જમીનોમાં અમો વાદીઓનો વારસ તરીકે હકકહિત સબંધ રહેલો હોય, અમો વાદીઓના પિતાને, કાયદામાં ફરમાવેલી જોગવાઈઓ મુજબ, એવી કોઈ બીમારી કે દેવું કે આકસ્મીક જરૂરીયાત ઉભી થયેલ ન હોવા છતાં ખોટી રીતે વેચાણના વ્યવહારો પ્રતિ. નં. ૨ એ અમો વાદીના પિતા સાથે અમો વાદીઓ તથા પ્રતિ. નં. ૧ ની સંમતી તથા સહીઓ વિના કરેલ છે. જે પ્રથમથી જ ગેરકાયદેસર રહેલા છે. અને પ્રતિ. નં. ૨ કે અમારા માતાપિતાએ અમો વાદીઓને સદર દાવાવાળી તકરારી જમીનોના વ્યવહાર બાબતેની જાણ પણ કયારેય થવા દીધેલી નહિ. અને અમો વાદીઓને સદર વેચાણ વ્યવહારથી વંચીત રાખવામાં આવેલા છે. પરંતુ સંજોગો બદલાતા રેવન્યુ રેકર્ડની એન્ટી નં. ૮૭૩૫ તથા ૮૯૪૩ ની વિગતોએ દાવાવાળી તકરારી જમીનો પૈકી રે.સ.નં.૧૪૨ વાળી જમીન સને ૨૦૦૭ ના દસ્તાવેજ બાદ ૭ વર્ષ બાદ સને ૨૦૧૪ માં શરતફેર કેન્સલ થતાં જુની શરતમાંથી કમી થતાં સરકારી કરવામાં આવતા પ્રતિ. નં. ૨ તે બાદ અવારનવાર અમો વાદીઓની માતા પ્રતિ. નં. ૧ ને સરકારીમાંથી કમી કરાવવા સહકાર આપવા જણાવવા આવતા હતા. અને સદર હકીકતની જાણ પણ અમો વાદીઓ પરણીત હોય, સાસરે રહેતા હોય પ્રતિ. ઓએ થવા દીધેલી નહિ.

પરંતુ સને ૨૦૧૮ માં તા. ૧૧/૨/૨૦૧૮ ના અરસામાં દશામાના વ્રત દરમ્યાન અમો વાદી નં. ૨, અમારી માતા, પ્રતિ. નં. ૧ ને મળવા આવેલા તે વખતે પ્રતિ. નં. ૨ ને અમારી માતાને મળી પરત જતા જોયેલ, જેથી અમો વાદી નં. ૨ એ, આ બાબતે અમારી માતા પ્રતિ. નં. ૧ ને પુછતા અમારી માતાએ દાવાની તમામ વિગતોથી અને દાવાવાળી તકરારી જમીનો પ્રતિ. નં. ૨ ને અમારા પિતાએ વેચી દીધેલ હોવાની જાણ કરતાં અમો વાદી નં. ૨ એ સદર હકીકતની જાણ અમારા પતિને તથાવાદી નં. ૧ અને તેમના પતિને કરેલી અને તે બાદ તા. ૧૬/૮/૨૦૧૮ ના રોજ અમો વાદીઓ કાયદાથી અજ્ઞાન હોય પાવર તૈયાર કરાવી તા. ૨૧/૮/૨૦૧૮ ના રોજ અમો બંને વાદીઓ બહેનોએ નોટરી સમક્ષ હાજર રહી શેખ સત્તારભાઈને પાવર આપતાં તે પાવરના આધારે તા. ૨૩/૮/૨૦૧૮ તથા તા. ૨૪/૮/૨૦૧૮ ના રોજ રેવન્યુ નકલો તથા તારીખ ૬/૯/૨૦૧૮ ના

રોજ પ્રતિ. નં. ૨ નો રજી. દસ્તાવેજ નં. ૫૭૨૬ વાળો દસ્તાવેજ પણ કઢાવેલ અને આ તમામ નકલો મળ્યા બાદ અમોએ પ્રતિ. નં. ૨ ને દસ્તાવેજ રદ કરાવી, જમીનો પાછી આપવાની વાત કરતાં પ્રતિ. નં. ૨ એ સને ૨૦૦૭ માં મે તમારા પિતા પાસેથી દસ્તાવેજ કરાવી લીધેલ છે. આટલા લાંબા સમય પછી તમારી કોઈ વાત સાંભળશે નહિ. તમારું કંઈ ચાલે નહિ. તમારે મારી વિરુધ્ધ જે કાર્યવાહી કરવી હોય તે કરી શકો છો તેમ જણાવેલ અને ગર્ભીત ધમકી આપેલ હોય જેથી અમો વાદીઓ પાસે નાછુટકે નાઈલાજે હાલનો દાવો કરવા સિવાય અને ના.અદાલતના શરણ સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોય, હાલનો દાવો દાવાની વિગતોએ જરુરી દાદો મેળવવા અમો વાદીઓ કાયદેસર હકકદાર હોય કરેલો છે.

અમો વાદીઓને પ્રતિ. નં. ૨ ના દાવાના વ્યવહારની જાણ ન હોય, અને પહેલવહેલી જાણ તા. ૧૧/૮/૨૦૧૮ ના રોજ દાવાની વિગતોએ થતાં તુરત જ નકલો કઢાવતા થયેલી હોય ૨૦૦૪ (૧) જી.એલ.આર. પેજ નં. ૫૩૨ બાપુભાઈ ભગવાનજી મહેતા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત સ્પેશીયલ સેક્રેટરી ના કેસમાં વડી અદાલતે, પહેલવહેલી જાણ થયાથી દાવો કરી શકાય તેવું હોલ્ડ કરેલ છે. જેથી સદર દાવો દાવાની વિગતોએ સમયમર્યાદામાં રહેલો છે. તેમજ અમો વાદીએ જરુરી પક્ષકારો વિરુધ્ધ સાચી હકીકતોએ કોઈપણ પ્રકારની હકીકતો છુપાવ્યા વગર સદર દાવો કરેલો છે. જેથી સદર દાવાને કોઈપણ કાયદાનો બાંધ નડતો નથી.

વધુમાં વાદીએ દાવાનું કારણ જણાવેલ છે કે, :- પ્રતિ. નં. ૨ ના સને ૨૦૦૭ ના વેચાણ વ્યવહારની જાણ સૌ પ્રથમ તારીખ ૧૧/૮/૨૦૧૮ ના રોજ થતાં પાવર આપી તા. ૨૩/૮/૨૦૧૮ તથા તા. ૨૪/૮/૨૦૧૮ ના રોજ રેવન્યુ રેકર્ડ તથા તા. ૬/૯/૨૦૧૮ ના રોજ દસ્તાવેજની નકલો મળતાં તુરત જ વિના વિલંબે પ્રતિ. નં. ૨ ને દાવો કરતાં પહેલા મળતા પ્રતિ. નં. ૨ એ ઈન્કાર કરતા તુરત જ હાલનો દાવો કરેલ હોય સદર દાવાનું કારણ તે રીતે રોજબરોજ સતત પહેલવહેલી જાણ થયેથી ના. અદાલતની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

દાવાવાળી તકરારી જમીનો ના. અદાલતની હકુમતમાં આવેલી હોય અને દાવાનું કારણ ના. અદાલતની હકુમતમાં ઉત્પન્ન થયેલ હોય સદર દાવો ચલાવવા ના. અદાલતને સંપુર્ણપણે હકુમત રહેલી છે.

સદર દાવામાં હકકસ્થાપન, જાહેરાત તથા કાયમી મનાઈહુકમ માટે ગુજરાત કોર્ટ ફી એકટની કલમ ૬(૧૨) મુજબ રૂા. ૧૦૦૦/- લેખે દરેકનો અલગ અલગ મળી કુલ્લે રુા. ૩૦૦૦/- નો આંક બાંધી રૂા. ૧૦૦/- લેખે મળી કુલ્લે રૂા. ૩૦૦/- નો કોર્ટ ફી સ્ટેમ્પ ચોઢેલો છે. જયારે દાવાવાળી

તકરારી જમીનોના કબ્જા માટે ગુજરાત કોર્ટ ફી એકટની કલમ ૬(૧૩) મુજબ દાવાવાળી જમીનોના કુલ આકારના રુા. ૭–૪૩ પૈસાને ૪૦ પટે ગુણતા રુા. ૨૯૭–૨૦ પૈસા થતા હોય, રૂા. ૧૦૦૦/– નો આંક બાંધી રુા. ૧૦૦/– નો કોર્ટ ફી સ્ટેમ્પ આપેલો છે. તેમજ પ્રતિ. નં. ૨ નો દસ્તાવેજ રૂા. ૧૬,૫૦,૧૦૬/– નો હોય તે રદ કરાવવા ગુજરાત કોર્ટ ફી એકટની કલમ ૬(૯) મુજબ આપવા પાત્ર થતો કોર્ટ ફી સ્ટેમ્પ રુા. ૩૨,૩૫૦/– નો અડધો રુા. ૧૬,૧૭૫/– નો કોર્ટ ફી સ્ટેમ્પ ચોઢેલ છે. વકીલ ફી, કોર્ટ ફી તથા કોર્ટની હકુમત માટે કુલે રુા. 1 ૧૬,૫૪,૧૦૬/– નો આંક બાંધી કુલે રુા. ૧૬,૧૭૫/– નો કોર્ટ ફી સ્ટેમ્પ ચોઢેલો છે.

**વાદીએ હાલનો દાવો કરી દાદ માંગેલ છે કે, :–**

(૧) ઉપરોકત દાવાની તમામ વિગતોએ દાવાના પેરા નં. ૩ માં જણાવેલ દાવાવાળ તકરારી જમીનોમાં હિન્દુ સકસેશન એકટની કલમ ૬ તથા ૮ અન્વયે અમો વાદીઓ–વડીલોપાર્જીત, બીનવસીયતી, વણવહેચાયેલી જમીનોમાં મૈ. કાળાભાઈ મોહનભા પરમારની દીકરીઓ તરીકે કાયદેસર હકકહિત રહેલો છે. તેવું હકક સ્થાપન હુકમનામું અમો વાદીઓના લાભમાં કરી આપશોજી.

(૨) ઉપરોકત દાવાની તમામ વિગતોએ દાવાના પેરા નં. ૩ માં જણાવેલ દાવાવાળ તકરારી જમીનો બાબતે પ્રતિ. નં. ૨ એ જે કાંઈ લેખ લખાણો કરારો અમો વાદીઓન હકકહિત વિરુધ્ધ ઉભા કરેલા હોય તેવા તમામ લેખ લખાણો કરારો પ્રથમથી જ નીરથી અને રદબાતલ સ્વરૂપના રહેલા છે. તેવું જાહેર કરી આપશોજી.

(૩) દાવાવાળી તકરારી પેરા ૩ માં જણાવેલ જમીનોનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબ્જ અમો વાદીઓને પ્રતિ. નં. ૨ અગર તો વર્તમાન પરિસ્થિતીમાં જેની પાસે હોય તે–પાસેથી પ્રતિ. નં. ૨ અમો વાદીઓને આપે તેવો હુકમ કરવા મે. કરશોજી.

(૪) દાવાવાળી તકરારી જમીનો બાબતે દાવાની વિગતોએ પ્રતિ. નં. ૨ ના લાભમાં ત ૩૦/૬/૨૦૦૭ ના રોજ રજી. દસ્તાવેજ ૫૭૨૬/૨૦૦૭ નો રુા. ૧૬,૫૦,૧૦૬/–જે દસ્તાવેજ કરેલ છે. તે દસ્તાવેજ રદબાતલ જાહેર કરી આપશોજી.

(૫) પ્રતિ.ઓ જાતે અગર તેમના ઘરના માણસો કે મળતીયાઓ મારફતે દાવાવાવ તકરારી જમીનોમાં અમો વાદીઓના હકક હિત વિરુધ્ધનું ગીરો બક્ષીસ વેચાણ વિગે સ્વરુપનું કોઈપણ પ્રકારનું ગેરકાયદેસરનું કૃત્ય કરે કરાવે નહિ. તેવો કાય મનાઈહુકમ પ્રતિ.ઓ વિરુધ્ધ ફરમાવશોજી.

(૬) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિ.ઓ પાસેથી અમો વાદીઓને અપાવશોજી.

*(૭)* ના. કોર્ટને યોગ્ય લાગે તેવી ન્યાયની બીજી હરકોઈ દાદ અપાવશોજી.

(૨) પ્રતિવાદી ઓને દાવા અન્વયે સમન્સ/ નોટીસ કાઢતાં પ્રતિવાદીઓ ને નોટીસ બજી ગયેલી અને પ્રતિવાદી નં.૧ હાજર થયેલ નથી અને તેઓ સામે દાવો એક તરફી ચલાવવાનો હુકમ અગાઉ થયેલ છે. જયારે પ્રતિવાદી નં.ર તેમના વિધ્વાન વકીલશ્રી મારફત હાજર થઈ **આંક– ૧૪**થી વાદીના દાવા તથા મનાઈ હુકમ મળવાની અરજીનો જવાબ રજુ કરી જણાવેલ છે કે,

વાદીની દાવા અરજ તથા મનાઈહુકમ અરજ ખરી નથી અને કબુલ નથી.

વાદીને હાલના પ્રકારનો દાવો કરવા કોઈ કાયદેસર કારણ ઉત્પન્ન થયેલ ન હોય વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે.

વાદીને હાલના પ્રકારનો દાવો કરવા અંગે કોઈ કાયદેસરનો હક્ક કે અધિકાર નથી, જેથી પણ વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે.

વાદી ના. કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથ સાથે આવેલ નથી અને ના. કોર્ટ સમક્ષ ખોટી વિગતો જાહેર કરી, ના. કોર્ટને ગેરમાર્ગે દોરવવા અંગે પ્રયત્ન કરેલ છે. જેથી પણ વાદીની દાવા અરજ રદ્દ થવાને પાત્ર છે. વાદીના દાવા અરજ તથા મનાઈહુકમ અરજના જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ વિગત ખરી નથી અને કબુલ નથી તેમ સમજવાનું છે.

વાદીના દાવા અરજ તેમજ મનાઈહુકમ અરજના પેરા ૧ ની વિગત અમો પક્ષકરો ઉપરોકત સરનામે રહીએ છીએ. અમો વાદી નં. ૧ લખીબેન તથા વાદી નં. ર સુધાબેન સગી બહેનો છે અને મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમાર, જેઓ તા.૧૫–૧૦–૨૦૦૮ ના રોજ મૈ. પામેલાં છે, તેમની દિકરીઓ છે. પ્રતિવાદી નં. ૧ અમારાં માતૃશ્રી થાય છે. તે હકીકતની અમોને જાણ નથી. પરંતુ સદર પેરામાં જ વાદીઓ જણાવે છે કે જયારે પ્રતિવાદી નં. ૨ વડીલોપાર્જીત વણવહેંચાયેલી બિનવસીયતી જમીનો પૈકી દાવાના પેરા – ૩ માં જણાવેલી દાવાવાળી તકરારી જમીનો વેચાણ રાખનાર ઈસમ છે. સદર તકરારી જમીનો અમો પ્રતિવાદી નં. ૨ નાએ વેચાણ રાખેલ છે પરંતુ સદર જમીનો વાદીઓની તેઓના કહેવા મુજબ વડીલોપાર્જીત, વણવહેંચાયેલી, બિનવસીયતી નથી.

વાદીના દાવા અરજ તથા મનાઈહુકમ અરજના પેરા – ૨ વિશે અમો પ્રતિવાદી નં. ૨ ને જાત માહિતી નથી.વાદીઓના દાવા અરજ તથા મનાઈહુકમ અરજના પેરા – ૩ ની હકીકત ખરી છે. વાદીઓના દાવા અરજ તથા મનાઈહુકમ અરજના પેરા – ૪ અંગે કોઈ તકરાર નથી.

વાદીઓના દાવા અરજ તથા મનાઈહુકમ અરજના પેરા – ૫ માં જણાવે છે કે ઉપરોકત વિગતોએ તથા રેવેન્યુ રેકર્ડએ. રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૫૭૨૬ થી દસ્તાવેજ કરી લીધેલ છે. જે હકીકત ખરી નથી. અમો પ્રતિવાદી નં. ૨ નાએ વેચાણ દસ્તાવેજ નં. ૫૭૨૬ થી ખરીદેલ મીલ્કત મેં. કાળાભાઈ મોહનભાઈ પરમારને સરકારી નોકરી હેઠળ મળેલ છે. જેથી સદર જમીનોમાં હિન્દુ સકશેશન એકટની કલમ – ૬ તથા ૮ લાગુ પડે નહિ. કારણ કે સદરહું જમીનો તેઓને નોકરી દરમ્યાન મળેલ છે. જેથી તે તેઓની સ્વપાર્જીત મીલ્કત ગણાય અને સદર જમીનનો મેં. કાળાભાઈ મોહનાભાઈ પરમારનાએ સભાન અવસ્થામાં સમજી વિચારી શુધ્ધ – બુધ્ધિથી અવેજ સ્વીકારીને તેમજ સદરહું જમીનો પ્રતિબંધિત સત્તા પ્રકારની હોવાથી મે. વડોદરાના કલેકટરશ્રી પાસેથી વતન/વશી/૧૮૫૨–૫૭/૨૦૦૭ થી તા.૨૬–૦૬–૨૦૦૭ થી પરવાનગી લઈને વેચાણ દસ્તાવેજ કરેલ છે. તેમજ સદર દસ્તાવેજોમાં જણાવ્યા મુજબનો અવેજ પણ તે મેં. કાળાભાઈ મોહનભાઈ પરમારને ચુકવેલ છે. જેથી પણ સુંદર વેચાણ દસ્તાવેજોમાં દર્શાવેલ મીલ્કતો ત મેં. કાળાભાઈ મોહનભાઈ પરમારની માલિકીની હોઈ, તેવા સમયે વાદી કે પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓની સહી સંમતી કોઈપણ કાયદા મુજબ લેવાની જરુરી બનતી નથી.

વાદીઓએ તેઓની મનાઈહુકમ અરજ તથા દાવાઅરજના પેરા – ૬ માં જણાવેલ તમામ હકિકતો ખરી નથી. અમો પ્રતિવાદી નં. ૨ નાએ વેચાણ રાખેલ જમીનોના સ્વતંત્ર માલિક અને કબજેદાર મેં. કાળાભાઈ મોહનભાઈ પરમારના હોવાથી તેઓની પાસેથી સદરહું જમીનોનો વેચાણ દસ્તાવેજ કરાવેલ છે જેથી પ્રતિવાદીઓને સદરહું જમીનો બાબતે કોઈપણ પ્રકારનો વારસાઈ હકક કે લાગભાગ, હકક, હિત રહેતું નથી અને સને ૨૦૦૭ થી સદરહું જમીનનો કબજો અમો પ્રતિવાદી નં. ૨ પાસે છે. ખરેખર સદર વેચાણ આપેલ મીલ્કતનો કબજો ભોગવટો અમો પ્રતિવાદી નં. ૩ પાસે છે, જેના પરથી સ્પષ્ટપણે માલુમ પડે છે કે વાદી નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી. તેવાં સમયે વાદીને ઓન ઈવન મેરીટસ પર પણ કોઈપણ પ્રકારની દાદ મળી શકે તેમ નથી. જેથી વાદીનો દાવો રદ્ થવાને પાત્ર છે.

વાદીઓએ તેમની મનાઈહુકમ અરજ તથા દાવા અરજના પેટા – ૭ માં જણાવેલ હકીકતો ખરી નથી અને કબુલ નથી. સદર હકીકતો વંચાણે લેતાં સ્પષ્ટપણે માલુમ પડે છે કે સદર દાવો લીમીટેશનમાં લાવવા માટે કોઈ ફળદુપ ભેજાની પેદાશ છે. જેથી પણ હાલનો દાવો રદ થવાને પાત્ર છે. ખરી હકીકત એવી છે કે અમો પ્રતિવાદી નં. ૨ નાએ મેં. કાળાભાઈ મોહનભાઈ પરમાર પાસેથી

વેચાણ લીધેલ મીલ્કતો વેચાણ આપવા માટે મૈં. કાળાભાઈ મોહનભાઈ પરમાર સક્ષમ હતાં અને પ્રવર્તમાન કાયદા મુજબ સદર દાવા વિષયક મીલ્કતો વેચાણ આપવા માટે તેઓ જાતે સક્ષમ હતાં. તેમજ વેચાણ દસ્તાવેજ નં. ૫૭૨૬માં મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમારએ કબુલ કરેલ છે કે વેચાણ આપેલ મીલ્કત તેઓની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની છે તથા સદર મીલ્કતો ઉપર તેઓ સીવાય અન્ય કોઈપણ વ્યક્તિનો લાગ, ભાગ, હકક, હિત કે સંબંધ નથી. વધુમાં તેઓએ કબુલ કરેલ છે કે સદર દાવા વિષયક મીલ્કતોનો ખાલી, શાંત તથા પ્રત્યક્ષ કબજો અમો પ્રતિવાદી નં. ૨ ની પાસે છે. દાવા વિષયક મીલ્કતોના વેચાણ દસ્તાવેજ વાદીના પિતાની હયાતી દરમ્યાન જ થયેલા છે અને વેચાણ દસ્તાવેજનો પુરેપુરો અવેજ વાદીના પિતાને ચુકવેલ છે. તેમજ લીમીટેશન એકટની જોગવાઈ મુજબ દસ્તાવેજ રદ્દબાતલ કરવા માટે અને તે અંગેની જાહેરાત મેળવવા માટે દસ્તાવેજ થયાથી ૩ વર્ષની અંદર દાવો દાખલ કરવો જરૂરી છે. સદર કામના વાદીએ સદર દાવો આશરે ૧૧ વર્ષ પછી દાખલ કરેલ છે તેમજ દાવાના કારણમાં દર્શાવેલ છે, કે અમો પ્રતિવાદી નં. ૨ નાએ કરેલ વેચાણ દસ્તાવેજની નકલો અમોને તા.૬/૯/૨૦૧૮ ના રોજ મળેલ છે. પરંતુ વેચાણ દસ્તાવેજની નકલો મેળવવા અંગેની સબ–રજીસ્ટારને પાવતી રજુ કરેલ નથી કે દસ્તાવેજોની નકલ કઈ તારીખે મળી છે. તે દર્શાવતું કોઈપણ પ્રકારનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી પણ સ્પષ્ટપણે માલુમ પડે છે કે સદરહું દાવાનું કારણ વાદીએ પોતાની જાતે ઉપજાવી કાઢેલ છે અને વાદીને સદરહું દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થીત થતું ન હોવાથી સદરહું દાવો રદ્દ થવાને પાત્ર છે.

વાદીઓએ તેઓના દાવા અરજનાં પેરા ૮ માં જણાવેલ હકીકતો સદર દાવાને લાગુ પડતી નથી. વાદીના દાવા અરજના પેરા – ૯ માં જણાવેલ દાવાનું કારણ ખરું નથી અને કબુલ નથી.. વાદીઓ સદર દાવાના કારણમાં જણાવે છે કે પ્રતિવાદી નં. ૨ નાએ સને ૨૦૦૭ માં કરેલ વેચાણ વ્યવહારની જાણ વાદીઓને સને ૨૦૧૮ માં થયેલ છે. જે હકીકત ખરી નથી. વાદીઓએ મૈં. કાળાભાઈ મોહનભાઈ પરમારની અન્ય મીલ્કતોમાં વારસાઈ કરાવેલ છે. જેની હકીકત નામદાર કોર્ટ સમક્ષ જાહેર કરેલ નથી જેથી પણ વાદીઓ નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોઈ દાવો રદ્દ થવાને પાત્ર છે. વાદીઓના દાવા અરજના પેરા – ૧૦ તથા ૧૧ માં જણાવેલ હકીકત ખરી નથી અને કબુલ નથી. વાદીઓએ દાવા અરજના પેરા ૧૪ માં જણાવ્યા મુજબની દાદ કાયદેસર રીતે મળવાપાત્ર નથી. વાદીઓએ મનાઈહુકમ અરજના પેરા – ૮ અને ૯ માં જણાવેલ હકીકત ખરી નથી તેમજ તે મુજબની દાદ પણ વાદીઓને મળવાપાત્ર નથી.

વધુમા પ્રતિવાદીએ ખરી હકીકત એવી છે કે તેમ કહી જણાવેલ છે કે, વાદીઓ હિન્દુ વારસાઈ ધારાના ઓથા હેઠળ અમો પ્રતિવાદી નં. ૨ નાએ કાયદેસર રીતે કરેલ વેચાણ દસ્તાવેજ વાળી મીલ્કતો વડીલોપાર્જીત હકકોવાળી જણાવીને હડપ કરવાનો નાહકક પ્રયત્ન કરેલ છે. તેમજ વાદીઓ ખરેખર

જ હિન્દુ વારસાઈ ધારા હેઠળ સદર દાવા વિષયક મીલ્કતોમાં તેઓના હકકો હોય તો તેવાં હકકો હિન્દુ વારસાઈ ધારાની કલમ – ૮ મુજબ મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમાર ના મૃત્યુ બાદતેઓના નામે રહેલી મીલકતોમાં જ લાગુ પડે, નહી કે મૈ. કાળાભાઈ મોહનભાઈ પરમારએ તેઓની હયાતી દરમ્યાન વેચાણ આપેલ મીલ્કતો પર કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિત કે હિસ્સો વાદીઓ કાળાભાઈ મોહનભાઈ પરમારના મૈયત થયા બાદ ઉભો કરી શકાય નહીં. જેથી પણ હિન્દુ વારસાઈ ધારાની જોગવાઈઓ જોતાં સદર દાવો ખર્ચસહ રદ્દ. થવાને પાત્ર છે.

વાદીઓ, પ્રતિવાદી નં. ૨ પાસેથી ખોટી રીતે નાણાં પડાવવા માટે હાલમાં સુંદર મીલ્કતો બાબતે ખોટો વિવાદ ઉભો કરી, વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ ના પિતા/પતિ પાસેથી સદર મીલ્કતો વેચાણ રાખેલ તે બાબતની દસ્તાવેજો કર્યા તે સમયે વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ ને પુરેપુરી જાણ હોવા છતાં સદર દાવો કરેલ છે. પ્રતિવાદી નં. ૨ નાએ વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ ના પિતા / પતિને રોકડાથી રકમ આપેલ છે, તે તમામ રકમ મૈં. કાળાભાઈ મોહનભાઈ પરમારે તેમની હયાતી દરમ્યાન સ્વીકારેલ છે અને હાલનો દાવો કાળાભાઈ મોહનભાઈ પરમાર તા.૧૫–૧૦–૨૦૦૮ ના રોજ મૈયત થયાં બાદ આશરે ૧૧ વર્ષ પછી દાખલ કરેલ છે. જે રદ્દ થવાને પાત્ર છે.

હાલમાં મિલ્કતોની કિંમત વધતાં વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ નાઓની નિયત બગડેલ છે અને ખોટી રીતે નાણાં પડાવવાના બઈરાદે હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ ના પિતા/પતિએ પ્રતિવાદી નં. ૨ ને સદર મીલ્કત જયારે વેચાણ દસ્તાવેજ કરી આપેલ ત્યારે પુરેપુરી શુધ્ધબુધ્ધિ ધરાવતાં હતાં અને શરીરે સક્ષમ હતાં. વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ ના પિતા/ પતિ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં પોતે હાજર રહેલા છે અને પ્રતિવાદીનં. ૨ ની તરફેણમાં દાવા વિષયક મિલકતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. ત્યારથી આજદીન સુધી વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ નાઓને તમામ હકીકત જાણતાં હોવા છતાં કોઈ વાંધો લીધેલ નથી, પરંતુ હાલમાં વાદીઓને આર્થિક રીતે નાણાંની જરુર હોવાથી ખોટી રીતે નાણાં પડાવવાના બદઈરાદે હાલનો કહેવાતો દાવો દાખલ કરેલ છે.

સદર દાવા વિષયક મીલ્કતો વાદીઓનો જ હકક – હિસ્સો છે, તેવા ખોટા ખોટા કારણો ઉભા કરીને સદર દાવો દાખલ કરેલ છે. જેનાથી સ્પષ્ટપણે માલુમ પડે છે કે વાદીઓ નામદાર કોર્ટે સમક્ષ ચોખ્ખા હાથે આવેલ અને ના. કોર્ટ સમક્ષ ખોટી વિગતો જાહેર કરી, ના. કોટ ને ગેરમાર્ગે દોરવવા અંગે પ્રયત્ન કરેલ છે. જેથી પણ વાદીઓની દાવા અરજ ખર્ચસહ રદ્દ થવાને પાત્ર છે.

વાદીઓના મનાઈહુકમ અરજમાં જણાવેલ માગ્યા મુજબનો મનાઈહુકમ આપવાનું કોઈપણ કાયદેસરનું કારણ ઉત્પન્ન થતું નથી તેમજ વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓના લાભમાં નથી તેમજ વાદીઓ જણાવે છે કે વાદીઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થશે, જે હકીકત પણ માની શકાય નહી. જેથી પણ વાદીઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવો ન્યાયના હિતમાં નથી. આમ, ઉપરોકત હકીકતો જણાવી વાદીનો દાવો રદ્દ કરવા રજુઆત કરેલ છે.

(૩) ત્યારબાદ વાદી તરફે આંક–૧૯ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. વાદીએ દાવા અરજી સાથે આંક–૦૫ થી સી.પી.સી.ઓર્ડર –૩૯, રૂલ–૧, ૨ મુજબ વચગાળાના મનાઇ હુકમની માંગણી કરેલ હતી જે વાદીની આંક–૦૫ ની અરજી જરૂરી હુકમ કરી નામંજુર કરવામાં આવેલ છે.

(૪) ઉપરોકત કામે વાદી અને પ્રતિવાદી તરફથી નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**–: વાદીનો પુરાવો :–**

| ક્રમ | –(:મૌખિક પુરાવો:)– | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં.૧,૨ ના કુ.મુ.શેખ સત્તારભાઈ રહીમભાઈ ની સોગંદ ઉપરની જુબાની | ૪૧ |
| ૨ | સા.નં.૨ નાજાભાઈ હરીભાઈ ભરવાડ ની જુબાની | ૬૦ |

| ક્રમ | –(:દસ્તાવેજી પુરાવો:)– | આંક |
|---|---|---|
| ૧ | વાદીઓએ આપેલ નોટરાઈઝ પાવર અસલ | ૪૩ |
| ૨ | પરમાર કાળાભાઈ મોહનભાઈનું પેઢીનામુ અસલ | ૪૪ |
| ૩ | પરમાર કાળાભાઈ મોહનભાઈનો મરણ નો દાખલો | ૪૫ |
| ૪ | એન્ટ્રી નંબર– ૨૨૭ ની અસલ | ૪૬ |
| ૫ | એન્ટ્રી નંબર– ૧૦૩૧ ની અસલ | ૪૭ |

| | | |
|---|---|---|
| ૬ | એન્ટ્રી નંબર– ૧૬૩૮ ની અસલ | ૪૮ |
| ૭ | એન્ટ્રી નંબર– ૬૭૪૬ સ.નં.૧૪૨ ની શરતફેર અસલ | ૪૯ |
| ૮ | એન્ટ્રી નંબર– ૬૮૦૯ સ.નં.૧૪૪/૧ ની શરતફેર અસલ | ૫૦ |
| ૯ | એન્ટ્રી નંબર– ૮૭૩૫ સ.નં.૧૪૨ ની જુની શરત કાયમી કરવામાં આવી તેની એન્ટ્રી અસલ | ૫૧ |
| ૧૦ | એન્ટ્રી નંબર ૮૯૪૩ ની અસલ | ૫૨ |
| ૧૧ | સ.નં.૧૪૨ ના ૭/૧૨ ની નકલ અસલ | ૫૩ |
| ૧૨ | સ.નં.૧૪૪/૧ ના ૭/૧૨ ની નકલ અસલ | ૫૪ |
| ૧૩ | પ્રતિ.નં.ર એ કરી દીધેલ રજી.દ.નં.૫૭૨૬ ની ખરી નકલ | ૫૫ |

(૫) **–: પ્રતિવાદીનો પુરાવો :–**

| ક્રમ | –(:મૌખિક પુરાવો:)– | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.ર હરમાનભાઈ પુંજાભાઈ પટેલ ની જુબાની | ૬૦ |

**(૬)** ઉપરોકત કેસની હકીકત સંદર્ભે અત્રેની અદાલતે **આંક– ૨૯** થી નીચે મુજબના દાવાના આખરી નિર્ણય માટે સી.પી.સી. ઓર્ડર–૧૪, રૂલ–૧, ર મુજબ મુદ્દાઓ ઘડેલ છે.

***મુદ્દાઓ***

(૧) શું વાદી સાબિત કરે છે કે, દાવા અરજી પારા–૩ માં જણાવેલ મિલકતમાં વાદીનો હિન્દુ સકસેશન એકટની કલમ–૬ તથા ૮ મુજબ વારસાઈ હકક છે અને દાવાવાળીમિલકત વડીલોપાર્જીત હતી ?

(ર) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે ?

(૩) શું વાદી દાવા અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામુ ?

**ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.**

**નિર્ણય:–**

૧. નકારમાં.

૨. હકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ

## (૭) દલીલો :–

આ કામે વાદીએ પોતાના દાવાના સમર્થનમાં લેખીત દલીલો **આંક–૭૫** થી રજુ કરેલ છે. જે ધ્યાને લીધેલ છે તેમજ તેઓએ મુખ્યત્વે દલીલ કરેલ છે કે, વાદીએ રજુ કરેલ પુરાવાથી તેઓની દાવાની હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી વાદીનો દાવો સંપુર્ણપણે મજૂર કરવો જોઈએ. તેમજ અમોએ જે મૌખિક તથા દસ્તાવેજી પુરવાો રજુ કરેલ છે તે જોતાં દાવાવાળી મીલ્કતમાં અમારો વડીલોપાર્જીત હકક સમાયેલો છે તેવું સાબીત થાય છે અને જેથી અમોને દાવામાં માગ્યા મુજબની દાદ આપવી જોઈએ અને વાદીનો દાવો મંજુર કરવો જોઈએ. જયારે પ્રતિવાદી તરફે મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, માત્ર ઉપજાવી કાઢેલી હકીકતોના કારણે અમારી સામે ખોટો દાવો કરેલ છે. હકીકતે આ કામના વાદીએ આવો કોઈપણ દાવો દાખલ કરવાનો અધિકાર નથી. વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે જેથી રદ્દ થવાને પાત્ર છે. આમ, વાદી તથા પ્રતિવાદી બંને પક્ષકારોની લેખીત દલીલો વિગતવાર વંચાણે લઈ ધ્યાને લીધેલ છે.

**–: : <u>કારણો</u> : :–**

### (૮) <u>મુદ્દા નંબર–૧, ૨ અને ૩ ની સંયુકત ચર્ચા:–</u>

આ કામે વાદી જયારે પોતાનો કેસ લઈને આવેલ છે ત્યારે દાવાની હકીકત ની:

શકપણે પુરવાર કરવાની જવાબદારી તેઓના શીરે રહે છે. **વાદી નં.૧,૨ ના કુ.મુ. સત્તારભાઈ નાએ** પોતાના દાવાના સમર્થનમાં **આંક–૪૧** થી મૌખિક પુરાવો/જુબાની આપેલ છે તેઓએ આંક–૧ વાળા પોતાના દાવાની વિગત મુજબની જુબાની સોગંદ ઉપર રજુ કરેલ છે. જેથી તે હકીકતનોનું પુનરાવર્તન ન થાય તે માટે તેને દોહરાવેલ નથી.

**(૮.૧)** સદર સદરહુ પુરાવામાં પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' હું ખેતી અને ગાડી ટ્રાન્સપોર્ટમાં ચલાવવાનું કામ કરુ છુ. એ વાત ખરી છે કે હુ કદી છાણી ગામે રહેલ નથી. હુ વાદી નં. ૨ નાં પતિ મારી ગાડી ચલાવતા હોય તેથી તેઓને ઓળખુ છુ. હુ તેમને સાત આઠ વરસથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે હુ વાદીઓનાં પિતાજીને ઓળખતો ન હતો. તેમના પિતા તા. ૧ ૫/૧૦/૨૦૦૮ ના રોજ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે તેઓ છાણી મુકામે ગુજરી ગયેલ હતા. હુ સાત આઠ વરસથી વાદીઓને ઓળખુ છુ. વાદીઓના પિતા ૨૦૦૮ માં ગુજરી ગયેલ છે. હુ તેમની સ્મશાન યાત્રા કે મરણ પ્રસંગમાં હાજર રહેલ નહી. એ વાત ખરી છે કે મરણ પ્રસંગમાં તેમની દિકરીઓ હાજર રહેલ કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે જમીનને લગતી બધી માહીતી મને વાદીઓએ આપેલ છે. એ વાત ખરી છે કે મને પોતાને આ જમીનોની જાત માહીતી નથી. મે દાવાવાળી જમીનનો રેવન્યુ રેકર્ડ જોયેલ નથી. એ વાત ખરી છે કે મને આ કામે રેવન્યુ રેકર્ડ રજુ કરવા વાદીઓએ આપેલ હતો. એ વાત ખરી છે કે મને જે વસ્તુ કહેલી છે તે તેઓ જાતે પણ આવી કહી શકે. હાલનો દાવો કરેલ છે તે છાણીની કયા સર્વે નંબર માટે કરેલ છે તે હુ કહી શકુ નહી એ વાત ખરી છે કે વાદીઓએ મને જે વિગત જણાવી તે વિગત મે વકીલને જણાવી. એ વાત ખરી છે કે તેમના વકીલે જુબાની તૈયાર કરેલી તેમાં મે આવીને સહી કરેલી. આ જમીનો વાદીઓના પિતાની માલીકીની હતી. એ વાત ખરી છે કે વાદીઓના પિતાને આ જમીનો કઈ રીતે મળી તેની મને કોઈ માહીતી નથી. મને આંક–૪૮ થી રજુ કરેલ ફેરફાર નોંધ નં. ૧૬૩૮ બતાવવામાં આવે છે તેની વિગત બાબતે મને માહીતી નથી. એ વાતની મને ખબર નથી કે દાવાવાળી જમીનો વાદીઓના પિતાએ નાણા ચુકવીને નવી શરતે વસાવેલી જમીનો છે. એ વાત ખરી છે કે આ પછી તેમના પિતાજીએ શુ કાર્યવાહી કરેલી તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે આ જમીન નવી શરતની હોય વાદીઓના પિતાએ વેચાણ કરવા ની પરવાનગી મેળવવા કલેકટરશ્રી વડોદરાને અરજી કરેલ હતી અને તે મુજબના હુકમ મેળવેલ હતા. એ વાત ખરી છે કે આ હુકમો વાદીઓએ કે બીજા અન્ય કોઈએ પડકારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ જમીન વાદીઓના પિતા કાળાભાઈએ જાતે વેચી દીધેલી છે. કયા

વર્ષમાં વેચેલી તેની મને માહીતી નથી. એ વાત ખરી છે કે આ જમીન તેઓ જાતે જ તેમની હયાતીમાં વેચી દીધેલી હતી. આ કામના પ્રતિવાદી નં. ૧ નંદાબેન વાદીઓના માતા થાય છે. એ વાત ખરી નથી કે વાદીઓ અને તેમની માતા વચ્ચે કોઈ તકરાર નથી. વાદીઓ અને તેમની માતા વચ્ચે કયારથી તકરાર થઈ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે દસ્તાવેજ થયા બાદ બંને જમીનો ખાતે પ્રતિવાદી નં.૨ નુ નામ ચાલતુ આવે છે. એ વાતની મને ખબર નથી કે આ જમીન વડીલોપાર્જીત છે તેવુ બતાવતો કોઈ પુરાવો મે રજુ કર્યો નથી. એ વાત ખરી છે કે આ જમીનો વેચાણ આપતા અગાઉ બંને વાદીઓના લગ્ન થઈ ગયેલા. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનમાં વાદીઓનો કોઈ પણ જાતનો હકક હિસ્સો નહી હોવા છતા નાણા પડાવવા ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે કેસની માહીતી ન હોવા છતા વાદીને મદદ કરવા ખોટી જુબાની આપુ છુ.

(૮.૨) તેમજ વાદી તરફે **સાહેદ નં.૨ નાજાભાઈ હરીભાઈ ભરવાડનાઓએ આંક–૬૦** થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. અને ઉલટ તપાસમાં જણાવેલ છે કે, હાલ હું સમા ગામમાં રહું છું અને પશુપાલનનો ધંધો કરૂ છું. હુ જન્મથી જ સમા ગામમાં રહું છું. હું પાંચ ચોપડી ભણેલો છું. હું વાદીઓને વ્યકતિગત રીતે ઓળખું છું. લખીબેન વાદી નંબર ૧ છાણી મુકામે રહેતાં હતાં. હાલ લખીબેન સાસરીમાં જીટોડીયા ગામમાં આણંદ જિલ્લામાં રહે છે. લખીબેનના લગ્ન કેટલા વર્ષ પહેલાં થયેલા તેની મને જાણ નથી. વાદી નંબર ૨ સુધાબેન પાદરા તાલુકામાં રાયપુરા ગામે રહે છે. સુધાબેનના લગ્ન કેટલા વર્ષ પહેલાં થયેલા તેની મને જાણ નથી. એ વાત ખરી છે કે, લગ્ન બાદ તેઓ છાણી મુકામે રહેતાં નથી. હું જે સમા ગામમાં રહું છું અને છાણી ગામ વચ્ચે બે ત્રણ કિલોમીટર જેટલું અંતર છે. એ વાત ખરી છે કે, હું છાણી ગામમાં કયારેય રેહલ નથી. એ વાત ખરી છે કે, મારા સબંધીઓ છાણી ગામમાં રહે છે. એ વાત ખરી છે કે, સતારભાઇ આશરે દસ જેટલા વર્ષથી મારા મિત્ર થાય છે. એ વાત ખરી નથી કે, વાદીઓના સંપર્કમાં સતારભાઇ મારફતે આવેલ. એ વાત ખરી છે કે, આ કામમાં વાદીઓએ સતારભાઇને કરી આપેલ પાવર ઓફ એટર્નીના સમયે હું હાજર ન હતો. એ વાત ખરી છે કે, પાવર ઓફ એટર્ની અને દાવાના હકીકતની મેં કાગળ જોઇને માહિતી મેળવેલ છે. એ વાત ખરી છે કે, વાદીઓએ નોટરી કરી આપનાર નીલેશભાઇ પરમારની ઓફીસે હું કદી ગયેલ નથી. એ વાત ખરી છે કે, પાવર ઓફ એટર્નીએ શું લખાવેલ છે તેની પણ મને ખબર નથી. એ વાત ખરી નથી કે, કાળાભાઇ મોહનભાઇ પરમારને હું વ્યકતિગત રીતે ઓળખું છું. એ વાત ખરી છે કે, કાળાભાઇ મોહનભાઇ પરમારનું અવસાન તા ૧૫/૧૦/૦૮ ના રોજ થયેલું. તે સમયે હું સ્મશાને હાજર હતો. એ વાત ખરી નથી કે, કાળાભાઇ મોહનભાઇ

પરમારના અવસાન વખતે વાદીઓ હાજર ન હતાં. એ વાતની મને ખબર નથી કે, કાળાભાઇ મોહનભાઇએ કોઇ વીલ કરેલ કે કેમ. એ વાત ખરી છે કે, દાવાના કામે હું જુબાની આપવા આવ્યો છું તેમાં લખીબેન ની શું તકરાર છે તેની મને જાણ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી જગ્યા મેં જોયેલ નથી. હું દાવવાળી જગ્યાએ રોજ જાઉ છું. એ વાત ખરી નથી કે, મેં છેલ્લા પંદર વર્ષ જેટલાં સમયથી દાવાવાળી જમીન જોયેલ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીન ઉપર છેલ્લા પંદર વર્ષથી કોણ ખેતી કરે છે તેની મને જાણ નથી. હરમાનભાઇ પુંજાભાઇ છાણી ગામના છે. આ હરમાનભાઇ પુંજાભાઇ જમીન સાથે કઇ રીતે સંકળાયેલા છે તેની મને માહિતી નથી. મેં બે ત્રણ વર્ષથી તેમને ખેતી કરતાં જોયેલાં છે. આ જમીન પહેલા કોણ ખેડતું હતું તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ મેં જોયેલા નથી. એ વાત ખરી છે કે, તેની માલિકી અને સતા પ્રકાર શું છે તે બાબતે મને કોઇ જાણ નથી. એ વાત ખરી નથી કે, આજે દાવાવાળી જમીન કોના નામે ચાલે છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આજે હું જુબાની આપવા આવ્યો ત્યારે સતારભાઇએ મને માહિતી પુરી પાડેલી. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીન વાદીઓનો શું હકક લાગે તેની મને ખબર નથી. વાદીઓ દાવાવાળી જમીનની વારસાઇ અંગે કોઇ કાર્યવાહી કરેલ કે કેમ તેની મને જાણ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન કાળાભાઇ મોહનભાઇ પરમારને કઇ રીતે મળેલ તેની મને જાણ નથી. એ વાત ખરી છે કે, કાળાભાઇ પરમારની જમીન નવી શરતની હતી. એ વાતની મને ખબર નથી કે, આ જમીન કાળાભાઇએ પૈસા ચુકવીને વેચાતી રાખેલી. એ વાતની મને ખબર નથી કે, આ જમીન નવી શરતની હોય જુની શરતમાં તબદીલ કરવાની કાર્યવાહી કાળાભાઇએ જાતે કરેલ અને શરતફેરનો હુકમ મેળવેલો તથા કલેકટર ઓફીસમાંથી વેચાણ કરવાની પણ પરમીશન મેળવેલી. હું કેશવભાઇ સોમાભાઇ માળી જે છાણી મુકામે રહે છે તેમને ઓળખું છુ જે ગુજરી ગયેલ છે પરંતુ છેલ્લા દસેક વર્ષથી તેમને ઓળખ છું. એ વાત ખરી છે કે, હરમાનભાઇ પુંજાભાઇ જે વેચાણ દસ્તાવેજ હોય તેની મને જાતમાહિતી નથી. એ વાતની મને ખબર નથી કે, કાળાભાઇ મોહનભાઇએ જાતે આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે વેચાણ દસ્તાવેજની મને કોઇ માહિતી નથી. દાવાવાળી જમીનો વડીલોપાર્જિત વણવહેંચાયેલી હોય તેને લગતો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી જુબાની દર્શાવ્યા મુજબ પૈકી રેવન્યુ સર્વે નંબર ૧૪૨ વાળી જમીન સને ૨૦૦૭ ના દસ્તાવેજ બાદ સાત વર્ષ બાદ સને ૨૦૧૪ મા શરતફેર કેન્સલ થયા અંગેના હુકમની મને કોઇ માહિતી નથી. એ વાતની મને ખબર નથી કે, તકરારી જમીનના કાગળો કઢાવી સતારભાઇએ મને બતાવેલાં. આ દાવાના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કોઇ

અરજી થયેલ છે તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે, મેં મારી જુબાનીમાં જણાવેલ છે આ કામની જાણ મને સતારભાઈ કરી ત્યારે મને ખબર પડી. એ વાત ખરી નથી કે, દાવાની કોઈ જાતમાહિતી ન હોવા છતાં સતારભાઈના કહેવાથી ખોટી રીતે આ જુબાની આપવા આવ્યો છું. એ વાત ખરી નથી કે, આ કામે વાદીઓના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, આ દાવાના કામે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

(૮.૩) જયારે આ કામે **પ્રતિવાદી નં.ર હરમાનભાઈ પુંજાભાઈ પટેલ નાઓએ આંક–૬૬ થી** સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. તેઓએ પોતાના દાવા જવાબની વિગત મુજબની જુબાની સોગંદ ઉપર રજુ કરેલ છે. જેથી તે હકીકતનોનું પુનરાવર્તન ન થાય તે માટે તેને દોહરાવેલ નથી. સદર સદરહુ પુરાવામાં વાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, " એ વાત ખરી છે કે, હું નંદાબને કાળાભાઈ પરમાર પ્રતિવાદી નંબર ૧ ને ઓળખું છું. એ વાત ખરી છે કે, તેમના પતિ કાળાભાઈ મોહનભાઈ પરમારને પણ ઓળખું છું. એ વાત ખરી છે કે, હું આ કામના વાદીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે, આ કામના વાદી નંબર ૧ લખીબેન અને વાદી નંબર ૨ સુધાબેન કાળાભાઈ મોહનભાઈ પરમારની પુત્રીઓ થાય છે. એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદી નંબર ૧ તે કાળાભાઈ મોહનભાઈ પરમારની વિધવા થાય છે. એ વાત ખરી છે કે, આ કામે વાદીઓએ જે દાવો કરેલ છે તેનાથી હું માહિતગાર નથી તેમજ જુબાની રજુ કરેલ છે તેનાથી પણ માહિતગાર નથી. એ વાત ખરી છે કે, વાદીએ જે પુરાવા રજુ કરેલા છે તેનાથી અમો માહિતગાર નથી. એ વાત ખરી છે કે, વાદીએ સતારભાઈ રહીમભાઈ શેખને પાવર ઓફ એર્ટની આપેલ છે તેનાથી અમો માહિતગાર નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી તકરારી મિલકતો બાબતે દાવામાં જણાવેલી હકીકતો વિરૂધ્ધ સને ૨૦૧૮ થી આજદિન સુધી વાદીઓ કે તેમના પાવર ધારણ કરનાર વિરૂધ્ધ મેં કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં જુબાની રજુ કરેલ છે તેની સાથે કોઈ પુરાવા રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ૭ (૧૧) ની અરજી આપેલ તે નામંજુર થયેલી જેની સામે અમે ઉપલિ કોર્ટમાં ગયેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે રજુ થયેલ દાવાના જવાબની હકીકત થી હું માહિતગાર નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૭ના દાવાવાળી તકરારી મિલકતના અમારા લાભના દસ્તાવેજ બાદ સને ૨૦૧૪ માં શરતફેર રદ થયેલી. એ વાત ખરી નથી કે, શરતફેરની એન્ટ્રી રદ થયેલી તેથી સને ૨૦૦૭ નો અમારો દસ્તાવેજ પણ રદ થયેલો. એ વાત ખરી છે કે, શરતફેરના હુકમ પછી વાદીઓ પાસેથી અમો કોઈ વેચાણ

દસ્તાવેજ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, શરતફેરનો હુકમ રદ થયેલ તેની સામે અમે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, કાળાભાઈ મોહનભાઈ પરમાર સને ૨૦૧૦ માં અવસાન પામેલાં છે. એ વાત ખરી છે કે,મને આંક ૫૩ બતાવતા જોઈને કહુંછું કે, તેમાં સરકારી પડતર લખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમાં અમે ખેતી કરતાં હતાં. એ વાત ખરી નથી કે, કોર્ટમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

(૯) દાવાના કામે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો દાવો વાદીએ હિન્દુ સકસેશન એકટ કલમ–૬ તથા ૮ તથા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૧)(૨) તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૬ મુજબ રૂા. ૧૬,૫૪,૧૦૬/– ના આંકથી હકક સ્થાપન, જાહેરાત, કબજો મેળવવા તથા પ્રતિ. નં. ૨ નો તા.૩૦/૦૬/૨૦૦૭ નો રજી.દસ્તાવેજ નં.૫૭૨૬/૨૦૦૭ નો રૂા.૧૬,૫૦,૧૦૬/– નો દસ્તાવેજ રદૃ કરાવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા બાબતે કરેલ છે તો આ તબકકે, તે અંગેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈએ તો ,

**6. Devolution of interest in coparcenary property.—**

(1) On and from the commencement of the Hindu Succession (Amendment) Act, 2005, in a Joint Hindu family governed by the Mitakshara law, the daughter of a coparcener shall,—

(a) by birth become a coparcener in her own right in the same manner as the son;

(b) have the same rights in the coparcenary property as she would have had if she had been a son;

(c) be subject to the same liabilities in respect of the said coparcenary property as that of a son, and any reference to a Hindu Mitakshara coparcener shall be deemed to include a reference to a daughter of a coparcener:

Provided that nothing contained in this sub-section shall affect or invalidated any disposition of or alienation including any partition or testamentary disposition property which had taken place before the 20th day of December, 2004.

(2) Any property to which a female Hindu becomes entitled by virtue of subsection (1) shall be held by her with the incidents of coparcenary ownership and shall be regarded, notwithstanding anything contained in this Act or any other law for the time being in force in, as property capable of being disposed of by her by testamentary disposition.

(3) Where a Hindu dies after the commencement of the Hindu Succession (Amendment) Act, 2005, his interest in the property of a Joint Hindu family governed by the Mitakshara law, shall devolve by testamentary or intestate succession, as the case may be, under this Act and not by survivorship, and the coparcenary property shall be deemed to have been divided as if a partition had taken place and,—
(a) the daughter is allotted the same share as is allotted to a son;
(b) the share of the pre-deceased son or a pre-deceased daughter, as they would have got had they been alive at the time of partition, shall be allotted to the surviving child of such pre-deceased son or of such pre-deceased daughter; and
(c) the share of the pre-deceased child of a pre-deceased son or of a pre-deceased daughter, as such child would have got had he or she been alive at the time of the partition, shall be allotted to the child of such pre-deceased child of the pre-deceased son or a pre-de-ceased daughter, as the case may be.

**Explanation**.-For the purposes of this sub-section, the interest of a Hindu Mitakshara coparcener shall be deemed to be the share in the property that would have been allotted to him if a partition of the property had taken place immediately before his death, irrespective of whether he was entitled to claim partition or not.
(4) After the commencement of the Hindu Succession (Amendment) Act, 2005, no Court shall recognise any right to proceed against a son, grandson or great-grandson for the recovery of any debt due from his father, grandfather or great-grandfather solely on the ground of the pious obligation under the Hindu law, of such son, grandson or great-grandson to discharge any such debt:
Provided that in the case of any debt contracted before the commencement of the Hindu Succession (Amendment) Act, 2005, nothing contained in this subsection shall affect—
(a) the right of any creditor to proceed against the son, grandson or great-grandson, as the case may be; or;
(b) any alienation made in respect of or in satisfaction of, any such debt, and any such right or alienation shall be enforceable under the rule of pious obligation in the same manner and to the same extent as it would have been enforceable as if the Hindu Succession (Amend-ment) Act, 2005 had not been enacted.

**Explanation**.-For the purposes of clause (a), the expression
"son", "grandson" or "great-grandson" shall be deemed to refer to the son, grandson or great-grandson, as the case may be, who was born or adopted prior to the commencement of the Hindu Succession (Amendment) Act, 2005.

(5) Nothing contained in this section shall apply to a partition, which has been effected before the 20th day of December, 2004.
**Explanation**.-For the purposes of this section "partition" means any partition made by execution of a deed of partition duly registered under the Registration Act, 1908 or partition effected by the decree of a Court.]

## 8. General rules of succession in the case of males.—

The property of a male Hindu dying intestate shall devolve according to the provisions of this Chapter:—
(a) firstly, upon the heirs, being the relatives specified in class I of the Schedule;
(b) secondly, if there is no heir of class I, then upon the heirs, being the relatives specified in class II of the Schedule;
(c) thirdly, if there is no heir of any of the two classes, then upon the agnates of the deceased; and
(d) lastly, if there is no agnate, then upon the cognates of the deceased.

**(૯.૧)** હાલના દાવામાં દાવાવાળી જમીન વડીલોપાર્જીત હોવાનું જણાવી વાદીઓએ દાવો કરેલ છે. દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ જોતાં નોધ નંબર ૧૬૩૮ તારીખ ૦૨/૦૪/૧૯૬૩ ના રોજથી વાદીઓના પિતા કાળાભાઈ મોહનભાઈને નવીન અને અવિભાજય શરતે પ્રાપ્ત થયેલી છે. એટલેકે દાવાવાળી જમીન તેઓની સેલ્ફ એકવાયર પ્રોપર્ટી છે તે સ્પષ્ટ સાબીત થાય છે. અને ત્યારબાદ વર્ષ ૨૦૦૭ માં કાળાભાઈ મોહનભાઈનાઓએ સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ નાઓને વેચાણ આપેલ છે. વર્ષ ૧૯૬૩ થી ૨૦૦૭ માં વેચાણ દસ્તાવેજ થયો ત્યાં સુધી પણ કયારેય પોતાના ભાગ માટે કોઈ કાર્યવાહી વાદીઓએ કરેલ નથી. સદર જમીન કાળાભાઈ મોહનભાઈની સેલ્ફ એકવયર પોપર્ટી હોય અનેતેનું વેચાણ કરવાનો અને તેનો સંપુર્ણ વહીવટ કરવાનું તેઓને અધિકાર છે. સદર વાદગ્રસ્ત મિલ્કત વાદીઓના પિતા કાળાભાઈ મોહનભાઈને પ્રાપ્ત થયેલ હોય સદર મીલ્કત વડીલોપાર્જીત મીલકત કહી શકાય નહી. સમય મર્યાદાની વાત કરવામાં આવે તો વાદગ્રસ્ત મીલ્કતનો વેચાણ દસ્તાવેજ સને ૨૦૦૭ ની સાલમાં થયેલ છે. તેમજ હાલનો દાવો સને ૨૦૧૮ ની સાલમાં દાખલ કરવામાં આવેલ છે. જેથી દેખીતી રીતે જ દાવો સમય મર્યાદાથી બાધિત છે. હાલના પ્રતિવાદી નં.૨ ની તરફેણનો રજીસટર્ડ વેચાણ

દસ્તાવેજ ૨૦૦૭ ની સાલનો છે.તો આ અંગે

**1) <u>2020 (0) AIJEL-SC 66338 SUPREME COURT OF INDIA - Dahiben Versus Arvindbhai Kalyanji Bhanusali (Gajra)(D) Thr Lrs.</u>**

14. The Limitation Act, 1963 prescribes a time-limit for the institution of all suits, appeals, and applications. Section 2(j) defines the expression "period of limitation" to mean the period of limitation prescribed in the Schedule for suits, appeals or applications. Section 3 lays down that every suit instituted after the prescribed period, shall be dismissed even though limitation may not have been set up as a defence. If a suit is not covered by any specific article, then it would fall within the residuary article.

Articles 58 and 59 of the Schedule to the 1963 Act, prescribe the period of limitation for filing a suit where a declaration is sought, or cancellation of an instrument, or rescission of a contract, which reads as under :

| Description of suit | Period of limitation | Time from which period begins to run |
|---|---|---|
| 58. To obtain any other declaration. | Three years | When the right to sue first accrues. |
| 59. To cancel or set aside an Three years Instrument or decree or for the rescission of a contract. | Three years | When the facts enti\|tling the plaintiff to have the instrument or decree cancelled or set aside or the contract rescinded first become known to him. |

The period of limitation prescribed under Articles 58 and 59 of the 1963 Act is three years, which commences from the date when the right to sue first accrues.

In Khatri Hotels Pvt. Ltd. & Anr. v. Union of India & Anr., (2011) 9 SCC 126, this Court held that the use of the word <u>'first' between the words 'sue' and 'accrued',</u>

would mean that if a suit is based on multiple causes of action, the period of limitation will begin to run from the date when the right to sue first accrues. That is, if there are successive violations of the right, it would not give rise to a fresh cause of action, and the suit will be liable to be dismissed, if it is beyond the period of limitation counted from the date when the right to sue first accrued.

A three-Judge Bench of this Court in State of Punjab v. Gurdev Singh, (1991) 4 SCC 1, held that the Court must examine the plaint and determine when the right to sue first accrued to the plaintiff, and whether on the assumed facts, the plaint is within time. The words "right to sue" means the right to seek relief by means of legal proceedings. The right to sue accrues only when the cause of action arises. The suit must be instituted when the right asserted in the suit is infringed, or when there is a clear and unequivocal threat to infringe such right by the defendant against whom the suit is instituted. Order VII Rule 11(d) provides that where a suit appears from the averments in the plaint to be barred by any law, the plaint shall be rejected.

**3) Reported in 2012 (0) AIJEL-HC 227390 in the case between Becharbhai Zaverbhai Patel vs. Jashbhai Shivabhai Patel.**

*"**[6]** At the outset, it is required to be noted that in the plaint the original plaintiffs have challenged the registered sale deed dated 25.8.1975 which has been executed by the original defendant no.1 in favour of defendants no. 3 and 4 and the said suit has been filed in the year 2010 i.e. after a period of 35 years. It is also required to be noted and even so pleaded/ averred in the plaint that name of father of the defendant no.1 was mutated in the revenue record and even thereafter on the death of is father of the defendants no.1 and 2 Chottabhai Bhagwanbhai mutated in the revenue record on 11.10.1979 vide mutation entry no.1024. It is also further averred in the plaint that even the name of defendants no. 3 and 4 were also mutated in the revenue record pursuant to the sale deed dated 25.8.1975 vide entry no.1115 and not only that even in 1981 there was partition between defendants no. 3 and 4 and the land bearing Survey No.380 (disputed suit land) has gone into the share of Ambalal Patel defendant no.4 and his name is mutated in the revenue record vide mutation entry no.1283 dated 10.6.1981. Even considering cause of action pleaded in the plaint in para 8, it appears to the Court that the averments in the plaint are too vague and nothing has been mentioned in the said para on which date he came to know about the registered sale deed dated 25.8.1975. Even in the entire plaint nothing has been pleaded with respect to limitation. Mere cleaver drafting in the plaint and by such vague averments and the pleading the cause of action in the plaint, the suit which is otherwise barred by law of limitation can not be brought within a period of limitation.*

*6.1. It is not disputed that while considering application under Order 7 Rule 11 (d) of the Code of Civil Procedure, the Court is required to consider the averments in the plaint and the supporting documents produced along with plaint. However, it cannot be disputed that if on the face of it and even considering the averments made in the plaint, it is found that the suit is clearly barred of law of limitation, the plaint can be rejected in exercise of powers under Order 7 Rule 11 (d) of the Code of Civil Procedure. Even considering the decision of the Hon'ble Supreme Court in the case of N.V.Srinivasan Murthy V/s. Mariyamma (Dead) by proposed Lrs reported in AIR 2005 SC 2897 as well as decision of the Hon'ble Supreme Court in the case of Dilboo (Smt) (Dead) Bij lea (supra), the plaint can be rejected in exercise of powers under Order 7 Rule 11(d) of the Code of Civil Procedure if it is found that even accepting all the averments made in the suit, it is found therefore, the suit is barred by law limitation. Considering the above proposition of law laid down by the Hon'ble Supreme Court, it is required to be considered whether considering facts and circumstances of the present case and even considering averments made in the plaint and even accepting all the averments made in the plaint as they are, whether the suit is barred by law of limitation or not?*

*6.2. As stated above, registered sale deeds was executed by the original defendant no.1 in favour of original defendants no. 3 and 4 (petitioners herein) on dated 25.8.1975. It is also required to be noted and even so pleaded/ averred in the plaint that mutation entry in favour of defendant nos. 3 and 4 on the basis of registered sale deed was made in the revenue record vide entry no.1115 and not only that even in 1981 there was partition between defendants no. 3 and 4 and the land bearing Survey No.380 (disputed suit land) has gone into the share of Ambalal Patel defendant no.4 and his name is mutated in the revenue record vide mutation entry no.1283 dated 10.6.1981. As held by the Hon'ble Supreme Court in the case of Dilboo (Smt) (Dead) Bij lea(supra) whenever the document is registered the date of registration becomes the date of deemed knowledge and in other cases where a fact could be discovered by due diligence then deemed knowledge would be attributed to the plaintiff because a party cannot be allowed to extend the period of limitation by merely claiming that he had no knowledge. Thus when the sale deed dated 25.8.1975 was registered in the year 1975 itself and even the mutation entry was made in favour of defendants no.3 and 4 on the basis of the registered sale deed immediately thereafter the plaintiff is deemed to have the knowledge of the said transaction and by making such vague averments in the plaint that earlier he had no knowledge and he came to know about the transaction only in the 2010, by such clever drafting the plaintiff cannot be permitted to bring the suit within the period of limitation which otherwise is barred by law of limitation as the suit challenging the registered sale deed dated 25.8.1975 has been filed after a period of 35 years. Under the circumstances and considering the aforesaid, it appears to the Court that learned trial Court has materially erred in rejecting the application Exh.14 and in not rejecting the plaint exercising the power under Order 7 Rule 11(d) of the Code of Civil Procedure. Under the circumstances, the impugned order passed by the learned trial Court cannot be sustained and same deserves to be quashed and set aside*

વધુમાં,આ કામે વાદી તરફથી જે પુરવાો રજુ કરવામાં આવે છે તે જોઈએ તો હાલનો દાવો વાદીઓએ પાવર ઓફ એટર્ની ધ્વારા દાખલ કરેલ છે. **વાદીઓના કુ.મુ. સત્તારભાઈ શેખ નાઓએ આંક–૪૧ થી જુબાની આપેલ છે**.તેઓએ પોતાની જુબાની દરમ્યાન ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

> *એ વાત ખરી છે કે મને પોતાને આ જમીનોની જાત માહીતી નથી. મે દાવાવાળી જમીનનો રેવન્યુ રેકર્ડ જોયેલ નથી. એ વાત ખરી છે કે મને જે વસ્તુ કહેલી છે તે તેઓ જાતે પણ આવી કહી શકે. હાલનો દાવો કરેલ છે તે છાણીની કયા સર્વે નંબર માટે કરેલ છે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાદીઓના પિતાને આ જમીનો કઈ રીતે મળી તેની મને કોઈ માહીતી નથી. મને આંક–૪૮ થી રજુ કરેલ ફેરફાર નોંધ નં. ૧૬૩૮ બતાવવામાં આવે છે તેની વિગત બાબતે મને માહીતી નથી. એ વાત ખરી છે કે આ જમીન નવી શરતની હોય વાદીઓના પિતાએ વેચાણ કરવા ની પરવાનગી મેળવવા કલેકટરશ્રી વડોદરાને અરજી કરેલ હતી અને તે મુજબના હુકમ મેળવેલ હતા. એ વાત ખરી છે કે આ હુકમો વાદીઓએ કે બીજા અન્ય કોઈએ પડકારેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે આ જમીન તેઓ જાતે જ તેમની હયાતીમાં વેચી દીધેલી હતી.*

આમ, વાદીઓના કુ.મુ. ને દાખલ કરેલ દાવા અંગે પુરતી માહીતી નથી તેમ જણાય છે. આ ઉપરાંત વાદીના સાહેદ નં.૨ નાજાભાઈ હરીભાઈ ભરવાડનાઓએ આંક–૬૦ થી પોતાની જુબાની રજુ કરેલ છે. જુબાનીના સોગંદનામામાં જાતે જ જણાવે છેકે ''**દાવાવાળી તકરારી જમીનોના નંબરો અમને ખ્યાલ નથી.**'' તેમજ તેવું પણ સોગંદનામામાં જણાવે છે કે, '' **જે દસ્તાવેજના નંબરની અમને ખબર નથી.**'' જે સુચવે છે કે, વાદીને જાતે તેમજ તેઓ વતી રજુ થયેલા સાહેદને પણ કોઈ ચોકકસ માહીતી નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ હાલની પ્રોપર્ટી એ સેલ્ફ ઈકવાયર પ્રોપર્ટી છે તે સાબીત થયેલ છે. **પ્રતિવાદી નં.૨ નાએ આંક–૬૬ થી** પોતાની જુબાનીનું સોગંદનામુ રજુ કરેલુ છે તેમાં તેઓએ વર્ષ ૨૦૦૭ માં દાવાવાળી જમીન વાદીઓના પિતા પાસેથી વેચાણ રાખેલ છે તેવું જણાવે છે. વાદીઓએ વેચાણ દસ્તાવેજ થયાની આ

હકીકત સ્વીકારે છે. તેમજ દસ્તાવેજ પણ ખુબ લાંબા સમય બાદ વેચાણ દસ્તાવેજને ચેલેન્જ કરેલ છે જેથી સમય મર્યાદાના કાયદાનો પણ વાદીના દાવાને સ્પષ્ટ બાધ નડે છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચાની વિગતે વાદીઓ મુદ્દા નંબર – ૧ ની હકીકત પોતાની તરફેણમાં સાબીત કરવામાં નિષ્ફળ રહેલા છે. જેથી મુદ્દા નંબર – ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવેછે. જયારે પ્રતિવાદીઓ મુદ્દા નંબર–ર ની હકીકત પોતાની તરફેણમાં સાબીત કરવામાં સફળ રહેલો હોય મુદ્દા નંબર–ર નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે. જયારે ઉપરોકત કરેલ ચર્ચા અને વિગતે વાદીઓ દાવાની મહત્વની હકીકત પોતાની તરફેણમાં સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેઓના દાવ અરજીમાં માગ્યા મુજબની દાદ આપી શકાય તેમ ન હોય, જેથી મુદ્દા નંબર–૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. અને મુદ્દા નંબર–૪ અન્વયે નીચે મુજબનો '' **આખરી હુકમ** '' કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

**૧)** વાદીઓનો દાવો **'' નામંજુર ''** કરવામાં આવે છે.

**ર)** દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

**૩)** હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ : ર૬ મી, માહે. માર્ચ, સને – ર૦રપ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : વડોદરા.
તારીખ : ર૬/૦૩/ર૦રપ

**( જૈમીન અશોકભાઈ પટેલ )**
૯ માં એડી.સીનીયર સીવીલ જજ,
વડોદરા.
**U.I.C. NO. GJ01113**